# ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર,

# જી.આણંદ- 388120

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિનસરકારી અનુદાદિત કોલેજ– એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ :** www.hmpenglish.com માં આચાર્યના હોદ્દા અંતર્ગત અરજી કરતાં ઉમેદવારોએ અરજી કરતી વખતે કાળજીપૂર્વક ધ્યાનમાં રાખવાની બાબતો.

1. દરેક ઉમેદવારનું ગુજરાતી, અંગ્રેજી તેમજ હિન્દી એમ ત્રણેય ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે.
2. સ્વ નિર્ભર સંસ્થામાં સેવા બજાવતા ઉમેદવારોએ તેમની પસંદગી પ્રક્રિયા તથા તેમના સેવાકાળ દરમ્યાનના તમામ તબ્બકાઓ [જેમકે એસોસીએટ પ્રોફેસર / પ્રોફેસર], પગાર ધોરણ, કેરિયર એડ્વાન્સમેન્ટ સ્કીમ અને ૩૭૪૦૦ -૯૦૦૦ના ગ્રેડનો સમયગાળો દર્શાવવો પડશે તથા હાલના પગાર ધોરણ [સાતમું પગાર પંચ] યુજીસીના નિયમો અનુસાર મળતું હોવું જોઈએ જેનું અધિકૃત પ્રમાણ આપવું પડશે. તથા તેની નોંધ સેવાપોથી થયેલ હોવી જોઈએ.
3. **ઉમેદવારે Ph.D. રાજય સ્વનિર્ભર / રાજય બહાર સ્વનિર્ભર તથા અન્ય યુનિવર્સિટીમાંથી કર્યું હોય તો તેની માન્યતાના આધાર પુરાવા રજુ કરવાના રહેશે.**
4. **ઉમેદવારનો વિષય જે તે કોલેજમાં ચાલતા મુખ્ય વિષયનો હોવો જોઈએ.**
5. અરજી **www.ecvm.net તથા ઉપરોકત સંસ્થાઓની વેબસાઈટમાં દર્શાવેલ** નિયત પત્રકમાં જ કરવાની રહેશે.
6. અરજી સાથેના તમામ બિડાણો યોગ્ય ક્રમાંક મુજબ જોડેલા હોવા જોઈએ. અધૂરી અરજી તથા અધૂરા બિડાણ ધરાવતી અરજીઓ ગેરલાયક ઠેરવાશે.
7. તમામ દસ્તાવેજી આધાર સ્વયં પ્રમાણિત હોવા જોઈએ.
8. અરજી સાથે હાલમાં **જે સંસ્થામાંકાર્યરત હો તે સંસ્થાનું** "ના વાંધા પ્રમાણપત્ર" બિનચૂક જોડવાનું રહેશે.
9. અંતિમ તારીખ પછી મળેલા અરજી પત્રકો માન્ય ગણાશે નહીં.
10. અરજીના કવર ઉપર **જે કોલેજના આચાર્ય માટે અરજી કરી હોય તે કોલેજનું નામ અચૂક લખવું.**
11. **અરજી માનદ મંત્રીશ્રી, ચારુતર વિદ્યામંડળ, પો.બો.નં.૨૨, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર– ૩૮૮૧૨૦ જિ.આણંદને રજીસ્ટર્ડ ટપાલ (RPAD)થી મોકલવાની રહેશે.**